# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref No. PN 2024-25/117 Dt. 24/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ઉધના મગદલ્લા સ્થિત સોલિટેર ટેક્ષ્ટાઈલ મશીન્સ યુનિટની મુલાકાત લીધી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને ચેમ્બરની ઈન્ડસ્ટ્રિયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા અને ચેમ્બરના સભ્યો સહિત ૨૯ જેટલા સભ્યોના પ્રતિનિધી મંડળે ઉધના મગદલ્લા સ્થિત સોલિટેર ટેક્ષ્ટાઈલ મશીન્સ યુનિટની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

સોલિટેર ટેક્ષ્ટાઈલ મશીન્સ યુનિટના સંસ્થાપક અને હેડ શ્રી અશોકભાઈ અડવાણી અને શ્રી જયભાઈ અડવાણીએ ચેમ્બરના પ્રતિનિધી મંડળને આવકારી યુનિટ સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે, આ યુનિટમાં રેપિયર, એમ્બ્રોઈડરી મશીન તથા ટેક્ષ્ટાઈલની વિવિધ મશીનરી અંગે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરી વિદેશમાં મશીનરીનું આઉટસોર્સિંગ કરીને સુરત સહિત સમગ્ર દેશના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને હાઈસ્પીડ મશીનરીનું વેચાણ કરવામાં આવે છે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ટેક્ષ્ટાઇલ મશીનરીનું મેન્યુફેક્ચરીંગ કરતા આખા યુનિટની મુલાકાત લીધી હતી અને તેમના ત્યાં મશીનરી બનાવવાની સમગ્ર પ્રક્રિયાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો.